તાત્કાલિક/અગત્યનું/આરટીઆઇ સંદર્ભ

ફા.ક્ર.:આયોગ અપીલ/૧૦૨૦૨૦/૦૧/લ

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
૧૪/૪,સરદાર ભવન,
સચિવાલય,ગાંધીનગર.
તા:- 01 JAN 2021

પ્રતિ,

સર્વે અપીલ અધિકારીશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

સર્વે અપીલ અધિકારીશ્રી અને અ.ઈ.શ્રી / ખાત્તાના વડાશ્રી/કા.ઈ.શ્રી માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય.

વિષય:- ગુજરાત માહિતી આયોગ સમક્ષ આવેલ (૧) અપીલ નં.અ-૪૯૦૪-૨૦૨૦ (૨) અપીલ નં અ-૪૪૭૯-૨૦૨૦ બાબત.

અધિકારીને પ્રથમ અપીલનો નિર્ણય સમય મર્યાદામાં કરવા સૂચના આપવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે ગુજરાત માહિતી આયોગનાં પત્ર ક્રમાંક: જીઆઇસી-અપીલ નંબર-અ- અ-૪૯૦૪-૨૦૨૦ તા. ૨૭/૧૧/૨૦૨૦ તથા પત્ર ક્રમાંક: જીઆઇસી-અપીલ નંબર-અ- ૪૪૭૯-૨૦૨૦ તા.૧૧/૧૧/૨૦૨૦ તેનાં બિડાણ સહિત આ સાથે મોકલી આપવામાં આવે છે. ઉક્ત ફરિયાદ અન્વયે કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ દ્વારા કરવામાં આવેલ હુકમમાં જણાવ્યાનુસાર "પ્રથમ અપીલ અધિકારી તેમને કાયદા દ્વારા સૉંપવામાં આવેલી ફરજ યોગ્ય રીતે બજાવે તેવું આયોગ ઇચ્છે છે. તેથી આયોગના હુકમમાં દર્શાવેલ સમય મર્યાદામાં પ્રથમ અપીલ અધિકારી પ્રથમ અપીલનો નિર્ણય કરે તેમજ પ્રસ્તુત સત્તામંડળના તમામ અપીલ અધિકારીઓ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ ૧૯(૬) હેઠળ નિયત સમયમર્યાદામાં પ્રથમ અપીલનો નિર્ણય કરે તેવી સૂચના આપવામાં આવે છે. ઉક્ત સૂચનાનો ચૂસ્તપણે અમલ કરવા અત્રેથી આજ્ઞાનુંસાર જણાવવામાં આવે છે.

સમય મર્યાદામાં ઉક્ત કાર્યવાહી ન થવા અંગેની સંપૂર્ણ જવાબદારી પ્રથમ અપીલ અધિકારીની રહેશે. જે વિદિત થાય.

આપની તથા નિયંત્રણ હેઠળના સંબંધિત PIO ને સૂચના આપવા જણાવવામાં આવે છે. વધુમા તમામ મુખ્ય ઇજનેરશ્રીઓને તેઓના નિયંત્રણ હેઠળના અધિકારીશ્રીઓને સૂચના આપવા આજ્ઞાનુંસાર જણાવવામાં આવે છે.

(વી.એ. જોષી)
ઉપ સચિવ (બજેટ અને સંકલન)
માર્ગ અને મકાન વિભાગ

બિડાણ:- ઉપર મુજબ.

નકલ રવાના:-

- સચિવશ્રી(મા.મ)ના અંગત મદદનીશશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

તાત્કાલિક
અગત્યનું

29

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક : જીઆઇસી/ અપીલ નંબર : અ-૪૯૦૪-૨૦૨૦
ગુજરાત માહિતી આયોગ
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
તા.૨૭/૧૧/૨૦૨૦

માર્ગ અને મકાન વિભાગ
નોંધણી નંબર........................
10 DEC 2020
૧૮૬૮૫
શાખા........................

પ્રતિ,
સચિવશ્રી
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં.૧૪, સચિવાલય
ગાંધીનગર-૩૮૨૦૧૦

**વિષયઃ- આયોગ સમક્ષ આવેલ અપીલ નંબરઅ-૪૯૦૪-૨૦૨૦ બાબત.**

શ્રીમાન,

ઉકત અપીલ નંબરઅ-૪૯૦૪-૨૦૨૦ માં આયોગના તા.૨૭/૧૧/૨૦૨૦ ના હુકમની નકલ આજ્ઞાનુસાર આ સાથે આપને મોકલવામાં આવે છે. આયોગના ઉકત હુકમના પેરા-૩માં નીચે મુજબ આદેશ થયેલ છે.

"પ્રથમ અપીલ અધિકારી તેમને કાયદા દ્વારા સોપવામાં આવેલી ફરજ યોગ્ય રીતે બજાવે તેવું આયોગ ઇચ્છે છે. તેથી આયોગના હુકમમાં દર્શાવેલ સમયમર્યાદામાં પ્રથમ અપીલ અધિકારી પ્રથમ અપીલનો નિર્ણય કરે તેમજ પ્રસ્તુત સત્તામંડળના તમામ અપીલ અધિકારીશ્રીઓ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ ૧૯(૬) હેઠળ નિયત સમયમર્યાદામાં પ્રથમ અપીલનો નિર્ણય કરે તેવી વ્યવસ્થા ગોઠવાય તે સુનિશ્ચિત કરે "

આયોગના ઉકત હુકમ અનુસારની ઘટતી કાર્યવાહી તાત્કાલિક કરવા વિનંતી છે.

%બિડાણ: હુકમની નકલ

આપનો વિશ્વાસુ,

નાયબ સચિવ
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર.

ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેકટર-૧૦-એ, ગાંધીનગર

૮૯

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ અપીલ બાબત.

અપીલ નં- અ-૪૯૦૪-૨૦૨૦

વિવાદી : શ્રી મહમદભાઇ અબુભાઇ સાંધ
ધોરાજી રોડ, જી.ઇ.બી પાવર હાઉસની પાછળ, વિરા શક્તિ આશ્રમ પાછળ, જેતપુર,
તા. જેતપુર
જી. રાજકોટ - ૩૬૦૩૭૦

વિરુધ્ધ

પ્રતિવિવાદી : (૧) જાહેર માહિતી અધિકારીશ્રી
(નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી)
માર્ગ અને મકાન પેટા વિભાગ,
વિશ્રામ ગૃહ કેમ્પસ, ધારેશ્વર,
તા. જેતપુર
જી. રાજકોટ - ૩૬૦૩૭૦

(૨) અપીલ સત્તાધિકારીશ્રી
(કાર્યપાલક ઇજનેરશ્રી)
કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી
જીલ્લા માર્ગ અને મકાન વિભાગ,
છેલભાઇ દવે માર્ગ, જસાણી કોલેજ સામે
જી. રાજકોટ - ૩૬૦૦૦૨

તા.૨૭/૧૧/૨૦૨૦

શ્રી વિરેન્દ્ર પંડયા , રાજય માહિતી કમિશનર
ગુજરાત રાજય સમક્ષ

આ કેસના કાગળો જોતાં ટુંકમાં હકીકત એવી છે કે વિવાદીશ્રીએ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૬(૧) અન્વયે તા. ૨૪/૨/૨૦૨૦ ની અરજી કરીને પ્રતિવિવાદીનં.૧ જાહેર માહિતી અધિકારી પાસે માહિતીની માંગણી કરી હતી. તે સંદર્ભે આ અધિનિયમની કલમ ૭(૧) ની જોગવાઇ અન્વયે પ્રતિવિવાદી નં.૧ તરફથી તા.૨૦/૦૩/૨૦૨૦ ના પત્રથી જે માહિતી/નિર્ણય આપવામાં આવેલ છે તેનાથી વિવાદીશ્રીને સંતોષ નથી. વિવાદીશ્રીએ આ અધિનિયમની કલમ - ૧૯(૧) હેઠળ નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન પેટા વિભાગ, વિશ્રામ ગૃહ કેમ્પસ, ધારેશ્વર, જેતપુર, રાજકોટ સમક્ષ તા. ૨૭/૦૬/૨૦૨૦ ના રોજ પ્રથમ અપીલ રજુ કરેલ. પ્રતિવિવાદીશ્રી નં.૨ એ આ અધિનિયમની કલમ ૧૯(૬) થી નિયત કરાયેલ સમયમર્યાદામાં નિર્ણય કર્યો નથી તેમ જણાય છે. આથી વિવાદીશ્રીએ આ અધિનિયમની કલમ - ૧૯(૩) અન્વયે આયોગ સમક્ષ અપીલ કરી છે અને આયોગે તેને આ અધિનિયમની કલમ ૧૯(૩) અન્વયે અપીલ તરીકે દાખલ કરી છે.

૨. માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ ૧૯(૬) અંતર્ગત પ્રતિવિવાદીશ્રી નં.૨ તરફથી પ્રથમ અપીલ પરત્વે નિયત સમયમર્યાદામાં નિર્ણય લેવામાં આવ્યો નથી. પ્રથમ અપીલ સત્તાધિકારી કાયદા દ્વારા સોપવામાં આવેલ ફરજ બજાવવાનું ચુકયા છે. તેથી આયોગ પ્રથમ અપીલ અધિકારીને આદેશ કરે છે કે તેઓએ આ હુકમ મળ્યાના દિવસ-૩૦ની સમયમર્યાદામાં વિવાદીશ્રી અને પ્રતિવિવાદીશ્રી નં.૧ ને સાંભળવાની તક આપીને વિવાદીશ્રીની પ્રથમ અપીલનો

નિર્ણય કારણોની નોંધ કરીને કરવો. પ્રથમ અપીલનો નિર્ણય પ્રતિવિવાદીશ્રી નં.૨ એ આ અધિનિયમની કલમ ૧૯(૬) માં નિર્દિષ્ટ સમયમર્યાદામાં કેમ કરેલ નથી તેની સ્પષ્ટતા પણ આ હુકમ મળ્યેથી એક માસમાં આયોગને કરવી.

૩. આ હુકમની એક નકલ સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, બ્લોક નં.૧૪, સચિવાલય, ગાંધીનગર ને મોકલવામાં આવે. પ્રથમ અપીલ અધિકારી તેમને કાયદા દ્વારા સોંપવામાં આવેલી ફરજ યોગ્ય રીતે બજાવે તેવું આયોગ ઇચ્છે છે. તેથી આયોગના હુકમમાં દર્શાવેલ સમયમર્યાદામાં પ્રથમ અપીલ અધિકારી પ્રથમ અપીલનો નિર્ણય કરે તેમજ પ્રસ્તુત સત્તામંડળના તમામ અપીલ અધિકારીશ્રીઓ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ ૧૯(૬) હેઠળ નિયત સમયમર્યાદામાં પ્રથમ અપીલનો નિર્ણય કરે તેવી વ્યવસ્થા ગોઠવાય તે સુનિશ્ચિત કરે.

૪. ઉપરોકત પેરા-૨ મુજબ પ્રથમ અપીલ અધિકારીશ્રી દ્વારા કરેલ નિર્ણય મળ્યા બાદ માહિતી ન મળે અથવા કોઇ નિર્ણય કરેલ ન હોય તેવા સંજોગોમાં વિવાદીશ્રી આયોગના આ હુકમ મળ્યા તારીખથી દિન-૬૦ માં ચોકકસ કારણો સાથે તેમની અપીલની આયોગમાં સુનાવણી કરાવવા રજુઆત કરી શકશે.

સહિ/-
(વિરેન્દ્ર પંડયા)
રાજય માહિતી કમિશનર
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર.

મુકાબલ કરનાર

કાયદા અધિકારી
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

પ્રમાણિત કરનાર

નાયબ સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

તાત્કાલિક
અગત્યનું

ક્રમાંક : જીઆઇસી/ અપીલ નંબર : અ-૪૪૭૯-૨૦૨૦
ગુજરાત માહિતી આયોગ
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેકટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
તા.૧૧/૧૧/૨૦૨૦

25 NOV 2020

૧૭૫૭૭

પ્રતિ,
સચિવશ્રી,
માર્ગ અને મકાન વિભાગ,
બ્લોક નં. ૧,સરદાર ભવન,સચિવાલય
ગાંધીનગર-૩૮૨૦૧૦

વિષયઃ- આયોગ સમક્ષ આવેલ અપીલ નંબરઅ-૪૪૭૯-૨૦૨૦ બાબત.

શ્રીમાન,

ઉકત અપીલ નંબર અ-૪૪૭૯-૨૦૨૦ માં આયોગના તા.૧૧/૧૧/૨૦૨૦ ના હુકમની નકલ આજ્ઞાનુસાર આ સાથે આપને મોકલવામાં આવે છે. આયોગના ઉકત હુકમના પેરા-૩માં નીચે મુજબ આદેશ થયેલ છે.

"પ્રથમ અપીલ અધિકારી તેમને કાયદા દ્વારા સોપવામાં આવેલી ફરજ યોગ્ય રીતે બજાવે તેવું આયોગ ઇચ્છે છે. તેથી આયોગના હુકમમાં દર્શાવેલ સમયમર્યાદામાં પ્રથમ અપીલ અધિકારી પ્રથમ અપીલનો નિર્ણય કરે તેમજ પ્રસ્તુત સત્તામંડળના તમામ અપીલ અધિકારીશ્રીઓ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ ૧૯(૬) હેઠળ નિયત સમયમર્યાદામાં પ્રથમ અપીલનો નિર્ણય કરે તેવી વ્યવસ્થા ગોઠવાય તે સુનિશ્ચિત કરે " "A"

આયોગના ઉકત હુકમ અનુસારની ઘટતી કાર્યવાહી તાત્કાલિક કરવા વિનંતી છે.

બિડાણ: હુકમની નકલ

આપનો વિશ્વાસુ,

નાયબ સચિવ
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર.

RTI-૨૫૦૯
૩૦/૧૧/૨૦૨૦

CE(R&B)&AS

૭૩૭૩

To ઉ.સ.શ્રી સંકલન

ગુજરાત માહિતી આયોગના ઉકત પત્રના "A" અંગે યોગ્ય કાર્યવાહી થાય વિનંતી.

૩૦/૧૧/૨૦૨૦

33

ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેકટર-૧૦-એ, ગાંધીનગર

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ અપીલ બાબત.
અપીલ નં- અ-૪૪૭૯-૨૦૨૦

વિવાદી :
શ્રી જસવંતસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટ
યુજી-૧૪૪, ફોર પોઇન્ટ,
સી.બી.પટેલ હેલ્થ કલબની સામે,
વી.આઇ.પી.રોડ, વેસુ, સુરત - ૩૯૫૦૦૭

વિરુધ્ધ

પ્રતિવિવાદી : (૧) જાહેર માહિતી અધિકારીશ્રી
કાર્યપાલક ઇજનેરશ્રી
માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય)
દેવભુમિ દ્વારકા - ૩૬૧૩૩૫

(૨) અપીલ સત્તાધિકારીશ્રી
અધિક્ષક ઇજનેરશ્રી
માર્ગ અને મકાન વર્તુળ-૨
૧/૭, બહુમાળી ભવન, રાજકોટ - ૩૬૦૦૦૧

તા. ૧૧/૧૧/૨૦૨૦

શ્રી કે. એમ. અધ્વર્યુ , રાજય માહિતી કમિશનર

ગુજરાત રાજય સમક્ષ

આ કેસના કાગળો જોતાં ટુંકમાં હકીકત એવી છે કે વિવાદીશ્રીએ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૬(૧) અન્વયે તા. ૨૦/૬/૨૦૨૦ ની અરજી કરીને પ્રતિવિવાદીનં.૧ જાહેર માહિતી અધિકારી પાસે માહિતીની માંગણી કરી હતી. તે સંદર્ભે આ અધિનિયમની કલમ ૭(૧) ની જોગવાઇ અન્વયે પ્રતિવિવાદી નં.૧ તરફથી કોઇ માહિતી કે નિર્ણય આપવામાં આવેલ નથી. તેથી વિવાદીશ્રીએ આ અધિનિયમની કલમ - ૧૯(૧) હેઠળ પ્રતિવિવાદીશ્રી નં.૨ ને તા. ૨૭/૦૭/૨૦૨૦ ના રોજ પ્રથમ અપીલ રજુ કરેલ. પ્રતિવિવાદીશ્રી નં.૨ એ આ અધિનિયમની કલમ ૧૯(૬) થી નિયત કરાયેલ સમયમર્યાદામાં નિર્ણય કર્યો નથી તેમ જણાય છે. આથી વિવાદીશ્રીએ આ અધિનિયમની કલમ - ૧૯(3) અન્વયે આયોગ સમક્ષ અપીલ કરી છે અને આયોગે તેને આ અધિનિયમની કલમ ૧૯(3) અન્વયે અપીલ તરીકે દાખલ કરી છે.

૨. માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ ૧૯(૬) અંતર્ગત પ્રતિવિવાદીશ્રી નં.૨ તરફથી પ્રથમ અપીલ પરત્વે નિયત સમયમર્યાદામાં નિર્ણય લેવામાં આવ્યો નથી. પ્રથમ અપીલ સત્તાધિકારી કાયદા દ્વારા સોપવામાં આવેલ ફરજ બજાવવાનું ચુક્યા છે. તેથી આયોગ પ્રથમ અપીલ અધિકારીને આદેશ કરે છે કે તેઓએ આ હુકમ મળ્યાના દિવસ-30ની સમયમર્યાદામાં વિવાદીશ્રી અને પ્રતિવિવાદીશ્રી નં.૧ ને સાંભળવાની તક આપીને વિવાદીશ્રીની પ્રથમ અપીલનો નિર્ણય કારણોની નોધ કરીને કરવો. પ્રથમ અપીલનો નિર્ણય પ્રતિવિવાદીશ્રી નં.૨ એ આ અધિનિયમની કલમ ૧૯(૬) માં નિર્દિષ્ટ સમયમર્યાદામાં કેમ કરેલ નથી તેની સ્પષ્ટતા પણ આ હુકમ મળ્યેથી એક માસમાં આયોગને કરવી.

૩. આ હુકમની એક નકલ સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ,ગાંધીનગર ને મોકલવામાં આવે. પ્રથમ અપીલ અધિકારી તેમને કાયદા દ્વારા સોપવામાં આવેલી ફરજ યોગ્ય રીતે બજાવે તેવું આયોગ ઇચ્છે છે. તેથી આયોગના હુકમમાં દર્શાવેલ સમયમર્યાદામાં પ્રથમ અપીલ અધિકારી પ્રથમ અપીલનો નિર્ણય કરે તેમજ પ્રસ્તુત સત્તામંડળના તમામ અપીલ અધિકારીશ્રીઓ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ ૧૯(૬) હેઠળ નિયત સમયમર્યાદામાં પ્રથમ અપીલનો નિર્ણય કરે તેવી વ્યવસ્થા ગોઠવાય તે સુનિશ્ચિત કરે.

૪. ઉપરોકત પેરા-૨ મુજબ પ્રથમ અપીલ અધિકારીશ્રી દ્વારા કરેલ નિર્ણય મળ્યા બાદ માહિતી ન મળે અથવા કોઇ નિર્ણય કરેલ ન હોય તેવા સંજોગોમાં વિવાદીશ્રી આયોગના આ હુકમ મળ્યા તારીખથી દિન-૬૦ માં ચોકકસ કારણો સાથે તેમની અપીલની આયોગમાં સુનાવણી કરાવવા રજુઆત કરી શકશે.

સહી/-
(કે.એમ.અધ્વર્યુ)
રાજયમાહિતીકમિશનર
ગુજરાતમાહિતીઆયોગ,
ગાંધીનગર.

મુકાબલા કરનાર
કાયદા અધિકારી
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

પ્રમાણિત કરનાર
નાયબ સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર